Saturday
10.08.2024
✱Volume :9 ✱ Issue No.23
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✱Managing Editor: Arjun Sondarva
✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત રાજ્યના રૂ. ૧૦૧૪.૧૪ કરોડ અને સાબરકાંઠા જિલ્લાને રૂ. ૩૭૬૨.૮૮ લાખના લોકાર્પણ-ખાતમુહર્તના કામોની ભેટ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આદિજાતિ વિકાસને વેગ મળ્યો છે અને મેડિકલ એન્જિનિયરિંગ માટે કોચિંગની સુવિધા ઉભી થતા આદિજાતિ વિદ્યાર્થીઓ આજે મેડિકલ અને એન્જિનિયરિંગનું શિક્ષણ લઈ રહ્યા છે.
આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર

કમલમ્ ન્યુઝ,
સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો વિશ્વ આદિવાસી દિવસ આર્ડેકતા ઈન્સ્ટિટ્યૂટ નવીમેત્રાલ, ખેડબ્રહ્મા ખાતે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતુ કે મૂળ નિવાસી તરીકે ઓળખાતા આદિવાસીઓ વર્ષો પુર્વેથી આધ્યત્મિક રીતે પ્રકૃતિ સાથે બિરાસા મૂંડાની પૂજા કરતા આવ્યા છે. આદિવાસી સમાજના ભવ્ય ઈતિહાસ અને ગૌરવવંતી સંસ્કૃતિ, પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવાના પ્રયત્નના ભાગરૂપે દર વર્ષે ૯મી ઓગષ્ટના દિવસને "વિશ્વ આદિવાસી દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. છેક અંબાજીથી ઉમરગામ સુધી વસતા આદિવાસી બાંધવોને પ્રાથમિક સુવિધા જેવી કે પાણી, આરોગ્ય, શિક્ષણ તેમજ રોજગારી મળી રહે માટે રાજ્ય સરકાર હર હંમેશ પ્રયત્નશીલ રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી વિકાસના આગવા મોડલ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કર્યું છે. ઓગસ્ટ માસ ક્રાંતિનો મહિનો છે. માનગઢમાં ગુરુ ગોવિંદસિંહ હોય કે પાલ દઢવાવમાં મોતીલાલ તેજાવત હોય આઝાદીકાળમાં આદિવાસીઓએ પોતાનુ મહત્વું યોગદાન આપ્યુ છે. ભારત દેશને પ્રથમ આદિજાતિ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ મળ્યા છે. વડાપ્રધાનશ્રીએ આદિમ જુથોના ૩૦ હજાર પરિવારના ૧.૫૦લોકોના વિકાસ માટે પીએમ જનમન અભિયાન હાથ ધર્યું છે. માનવીની મુખ્ય જરૂરીયાત આરોગ્ય, શિક્ષણ, રોજગાર, આવાસ અને રસ્તા આદિવાસીલોકોને મળી રહે તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વન બંધુ કલ્યાણ યોજના, વન અધિકાર અધિનિયમ, સમરસ છાત્રાલય, સંકલિત ડેરી વિકાસ, દુધ સંજીવની યોજના જેવી મહત્વની યોજનાઓ અમલી બનાવી છે. આદિજાતિ વિકાસ માટે બજેટમાં ખાસ એક લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. વનબંધુ કલ્યાણ ફેઝ-૨ માં વધુ એક લાખ કરોડ જોગવાઈ તેમજ ૩૦ હજાર કરોડનું વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, નલ સે જલ, આદિજાતિ વિસ્તારોમાં જીઆઈડીસીની સ્થાપના થકી નવીન રોજગારી થકી જીવનમાં ગુણવત્તા યુક્ત સુધારા આવ્યા છે. પ્રધાનમંત્રી જનજાતિ વિકાસ અંતર્ગત ઉજાત ગ્રામ યોજના અંતર્ગત દેશના ૬૩ હજાર ગામોના પાંચ કરોડ આદિજાતિ લોકોનો સોટકા વિકાસ કરવાની નેમ લીધી છે આદિમ જૂથ એવા જૂથોના વિકાસ માટે પીએમ જન મનઅભિયાન અંતર્ગત ૩૦હજાર પરિવારના ૧.૫૦ લાખ લોકોને મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટેના પ્રધાનમંત્રી જન મન અભિયાન યોજાયું. આદિજાતિ વિસ્તારના બાળકો શહેરી વિસ્તારમાં રહી શિક્ષણ મેળવી શકે તેમાટે શૈક્ષણિક સંસ્થાઓ બનાવવામાં આવી છે. આદિજાતિ બાળકોને મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ પરીક્ષાઓ માટેના કોચિંગ કલાસ અપાવી આદિજાતિ બેઠકો સંપૂર્ણ ભરાય તે રીતે ૩૬૦ ડીગ્રી પરિવર્તન લાવવામાં આવ્યું છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આદિજાતિ વિકાસને વેગ મળ્યો છે અને મેડિકલ એન્જિનિયરિંગ માટે કોચિંગની સુવિધા ઉભી થતા આદિજાતિ વિદ્યાર્થીઓ આજે મેડિકલ અને એન્જિનિયરિંગનું શિક્ષણ લઈ રહ્યા છે. ૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિનની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે રાજ્યમાં કુલ રૂ. ૪૧૧.૩૭ કરોડના ૨૨૪૦ કામોનુ ખાતમુહર્ત તથા રૂ.૬૦૨.૭૮ કરોડ ૨૦૫૩કામોનુ લોકાર્પણ આમ કુલ રૂ. ૧૦૧૪.૧૪ કરોડના કુલ ૪૨૯૩ કામોનુ લોકાર્પણ તથા ખાતમુહર્ત કરવામાં આવ્યુ હતું. જે પૈકી મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૩૭૬૨.૮૮ લાખના ૨૧૬ કામોનું ખાતમુહર્ત તથા રૂ.૨૦૯૧.૩૭ લાખના ૧૯૭ કામોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. તેમજ વિવિધ વિભાગના ૭૬૧૮ લાભાર્થીઓને રૂ.૪૬૮૨.૦૦લાખના વ્યક્તિગત લાભો આપવામાં આવ્યા. વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી સમુદાયના વિધ્યાર્થીઓએ પરંપરાગત સાંસ્કૃતિક નૃત્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે આ વિસ્તારના બાળકના હસ્તે લખાયેલકાવ્ય ગ્રંથનું વિમોચન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, હિંમતનગર ધારાસભ્યશ્રી વીડી ઝાલા સભ્ય શ્રી રમણલાલ વોરા પ્રાંતિજ ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, અધિક મુખ્ય સચિવ શ્રી જીપી ગુપ્તા, રેન્જ આઈ જી શ્રી મનીષ સિંગ, સાબરકાંઠા કલેક્ટર શ્રી નેમેશ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા શ્રી વિજય પટેલ, પ્રયોજના વહીવટદાર શ્રી વિશાલ સકસેના તેમજ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

રાજ્ય સરકારે આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં રૂપિયા ૪૭૭૪ કરોડ ની જોગવાઈ કરી છે: આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

માંડવી રિવરફ્રન્ટ ખાતે આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં આદિવાસી દિનની રંગેચંગે ઉજવણી

બાળકો-યુવાનોને ભણી-ગણી સમાજને વિકાસની રાહ પર અગ્રેસર કરવા અનુરોધ કરતા આદિજાતિ મંત્રી

કમલમ્ ન્યુઝ, સુરત
આદિવાસી સમાજ સર્વાંગી વિકાસ સાધી શકે એ માટે રાજ્ય સરકારે બજેટમાં રૂ.૪૭૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે એમ આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર તથા ગ્રામ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું. માંડવીરિવરફ્રન્ટ ખાતે યોજાયેલી વિશ્વઆદિવાસી દિનની ઉજવણીમાં ઉપસ્થિત જનમેદનીને સંબાધતા મંત્રી કુંવરજીભાઈ હળપતિએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી અનેકવિધ યોજનાઓની વિગતે છણાવટ કરી રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજના બાળકો ભણી ગણી આગળ આવે એ માટે શિક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતાં આદિવાસી સમાજના બાળકો હવે ડૉક્ટર, એન્જિનિયર તેમજ પાયલોટ બનતાથયા છે એમ કહી તેમણે બાળકોયુવાનોને ભણી ગણી સમાજને વિકાસની રાહ પર અગ્રેસર કરવા સૌને આહ્વાન કર્યું હતું. વધુમાં તેમણે પ્રકૃતિની પૂજા કરતો આદિવાસી સમાજ પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે જીવવાવાળો સમાજ હોઈ આ સમાજના લોકોને બંધારણમાં ખાસ હકો અને અધિકારો આપવામાં આવ્યા છે, જેની જાળવણી માટે સરકાર કટિબદ્ધ છે એમ કહી તેમણે આદિવાસી દિનની ઉજવણી પ્રસંગે માંડવી વિધાનસભા વિસ્તારમાં જંગલ જમીન ખેડતા ૬૬૨ લોકોને જંગલ જમીનની સનદો આપવા આવશે તેમજ ભવિષ્યમાં પણ બાકી રહેલા લોકોને સનદ આપવાનું આયોજન કરાયું છે એમ ઉમેર્યું હતું. ઉપરાંત, તેમણે માંડવી તાલુકામાં નાહરી હોટલ થકી સ્વરોજગાર માટે ઈચ્છુક સખી મંડળની બહેનો માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નાહરી હોટલ શરૂ કરી આપવામાં આવશે એમ જણાવી વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે મંત્રીએ ઉપસ્થિત સૌને સમાજના વિકાસની સાથે સામાજિક અને સાંસ્કૃતિક વિરાસતની જાળવણી માટે પણ હાકલ કરી હતી. સાંસદ પ્રભુભાઈ વસાવા એકેન્દ્ર અને રાજ્ય સરકારે આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે એમ કહી આ યોજનાઓનો બહોળો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત, તેમણે આદિવાસી સમાજમાં પણ અતિ પછાત એવા આદિમ જૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે પી.એમ. જનમન યોજના અમલી બનાવી છે એમ જણાવી આદિવાસી સમાજમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળતા સિકલસેલના ઉન્મુલન માટે વિશેષ કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત તેમણે આદિવાસી સમાજની સામાજિક અને સાંસ્કૃતિક વિરાસત જળવાય રહે એ માટે ભગવાન બિરસા મુંડાના જન્મદિવસતા ૧૫મી સપ્ટેમ્બરને જનજાતિ ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે માંડવી ઈ.પ્રાયોજના વહીવટદાર રામનિવાસ બુગાલિયા એજણાવ્યુ કે, યુનો યુનો ઘોષિત તા.૯મી ઓગષ્ટ- વિશ્વ આદિવાસી દિવસની વિશ્વભરમાં દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે. દેશની આઝાદીમાં અંગ્રેજો સામેની લડાઈમાં આદિવાસી બિરસા મુંડા જેવા ક્રાંતિવીરોનો ખુબ મોટો ફાળો છે. તેમજ આદિજાતિ બાંધવો માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી છે, જે આદિજાતિ નાગરિકોના ઉત્થાન માટે આશીર્વાદ રૂપ બની છે. આ પ્રસંગે ગુજરાત રાજ્ય આદિજાતિ મોરચાના પ્રમુખ અર્જુનભાઈ ચૌધરીએ પણ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન મંત્રી અને અન્ય મહાનુભાવોએ રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાના લાભાર્થીઓને સહાયના ચેક અને મંજુરીપત્ર એનાયત કર્યા હતા. તેમજ આદિવાસી સમાજમાંથી આવતા અને જુદા જુદા ક્ષેત્રોમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યક્તિવિશેષનું શાલ ઓઢાડી તેમજ પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પિયુષ પટેલ, મામલતદાર એફ બી.વસાવા, તા.વિકાસ અધિકારી રિતેશ સોલંકી, અગ્રણી દિનેશભાઈ તથા માંડવીના આદિવાસી સામાજિક કાર્યકરો, વિવિધ વિભાગના અધિકારી-પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં માંડવી તાલુકાના ગામડાઓમાંથી આદિવાસી બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલાઅને બાળવિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા ''નારી વંદન ઉત્સવ'' સપ્તાહ અંતર્ગત "મહિલાઅને બાળ આરોગ્ય દિન"ની ઉજવણી અબર્ન હેલ્થ સેન્ટર-ઘરશાળા - વઢવાણ, સુરેન્દ્રનગર ખાતેકરવામાંઆવી હતી. આ કાર્યક્રમ અન્વયે કિશોરીઓ દ્વારા રેલીયોજવામાં આવીહતી. તેમજ ઉપસ્થિતતમામ કિશોરીઓનાં હિમોગ્લોબીનની ચકાસણી કરવામાં આવી હતી. આ તકે ઉપસ્થિત મહિલા બાળઅધિકારીશ્રીવી.એસ.શાહ તેમજ આર.સી.એચ.ઓ.શ્રી ડૉ.પી.કે.શ્રીવાસ્તવદ્વારાપ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થઓફીસરશ્રી દ્વારા એનીમીયા, આરોગ્યઅને પોષણ અંગે માહિતી આપવામાં આવી હતી.જિલ્લા મિશનકોર્ડીનેટર શ્રીજલ્પાબેન ચંદશેરા દ્વારા શાબ્દીક સ્વાગત તેમજ પ્રાસંગિક રૂપરેખા આપવામાં આવી હતી. જેમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા અમલી યોજનાની વિસ્તૃત જાણકારી આપી હતી. સુપરવાઈઝર શ્રી ગૌરીબેન દ્વારા પુર્ણા યોજનાની માહિતી આપવામાંઆવી હતી. આ કાર્યક્રમમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, ઘરેલું હિંસા અધિનિયમ,સખી'' વનસ્ટોપ સેન્ટર, સાયબર ક્રાઈમ, સાયબર સેફ્ટી, સોશ્યલ મીડીયાનો ઉપયોગ તેમજ જીવન કૌશલ્ય સહીતની મહિલાલક્ષી જરૂરીજાણકારી આપવામાંઆવી હતી.

ગુજરાત સાયન્સ સિટી અનેરીજીયોનલ સાયન્સસેંટર્સ (RSC) ની એકસપોઝીટરી વિઝિટની આજથી ઔપચારિકરીતે શરૂઆત

કમલમ્ ન્યુઝ,

પુસ્તકોની દુનિયામાંથી વિદ્યાર્થીઓને વિજ્ઞાનની દુનિયામાં લઈજવા માટે,ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) કે જે ગુજરાતસરકારના વિજ્ઞાન અનેટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત છે, રાજ્યના દરેક જિલ્લામાંથી શાળાના વિદ્યાર્થીઓને સાયન્સ સિટી અને પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો (RSCs) ની નિશુલ્ક મુલાકાતની આજથી શરૂઆતકરીછે. શ્રાવણ મહિનામાં ચાલતી કાવડયાત્રા સાથે આ મુલાકાતને સરખાવીએતો જેમ લોકો પોતાનાં ઘરેથી મંદિર સુધી જાય છે તેમ, શાળાના વિદ્યાર્થીઓ નજીકના વિજ્ઞાન કેન્દ્રોની મુલાકાત લેશે, જ્યાં તેઓ વિજ્ઞાનની અજાયબીઓને જાણશે.

આ વિજ્ઞાનનાં શ્રાવણ મહિના જેવું છે, જ્યાં વિદ્યાર્થીઓ સાયન્સસેંટર્સની મુલાકાતલઈ શકે છે અને તેમની કારકિર્દી માટે એક્સપોઝર મેળવી શકે છે અને આગામી બે મહિના માટે મંગળવારથી શુક્રવાર સુધી અનોખી સફર કરશે. આકાર્યક્રમના સુચારૂ સંકલન માટે ગુજકોસ્ટે GSRTC ની કેન્દ્રીયરીતેરૂ.૫.૪૨ કરોડના ખર્ચે કુલ ૨,૧૧૩ બસો બુક કરી છે.દરરોજ સંબંધિતજિલ્લાના લોક વિજ્ઞાન કેંદ્રોએ શાળાના વિદ્યાર્થીઓની સાયન્સ સિટી/ વિજ્ઞાન કેન્દ્રોની મુલાકાત માટે નજીકના એસટી ડેપોમાંથી બસ મેળવવાની રહેશે. ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ અને પાટણ , ભુજ , ભાવનગર અને રાજકોટ ખાતેના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો પર ખાસ માર્ગદર્શિત અને ક્યુરેટેડ પ્રવાસનું આયોજન કરવામાંઆવ્યુ છે જેમાં ગેલેરીઓની મુલાકાત, STEM વર્કશોપ, ઈન્ટરેક્ટિવ સત્રો, હેન્ડ-ઓન-ડેમોસ્ટ્રેશન, ક્વિઝ વગેરેનો સમાવેશ થાય છે. દૂરના સ્થળોના વિદ્યાર્થીઓ માટે, ગુજકોસ્ટે તેમના નાસ્તાની સાથે સલામતી સહિતની જરૂરી વ્યવસ્થાઓ કરી છે જેથીવિજ્ઞાનના સંશોધન દરમિયાન તેમને કોઈ તકલીફ ન પડે. આ કાર્યક્રમનો ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓની ૨,૧૧૩ શાળાઓ અને ૧,૧૭,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળશે. આ અનુભવ ઘણા વિદ્યાર્થીઓમાટે એક ટર્નીંગ પોઈંટ સાબિત થશે, જે તેમને તેમની જિજ્ઞાસાનીતરસપૂરીકરવાની તક પુરીપાડશે. આપહેલ રાજ્યભરના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન શિક્ષણને વધુસુલભ અનેઆકર્ષક બનાવવા માટે ગુજકોસ્ટના પ્રયાસોનો એક ભાગ છે. આ વિજ્ઞાન કેન્દ્રો અને સાયન્સ સિટીની મુલાકાત લઈને, વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક અને કારકિર્દીની આકાંક્ષાઓને આકાર આપીને વિજ્ઞાનઅને ટેકનોલોજીની અજાયબીઓની મૂલ્યવાન સમજ મેળવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દ્વારકાના હર્ષદ ખાતે રાજ્યના ૨૩મા સાંસ્કૃતિક વન "હરસિદ્ધિ વન"નું લોકાર્પણ

પ્રકૃતિ જતનમાં યોગદાન આપનારા સેવાભાવીઓને "વન પંડિત પુરસ્કાર" તેમજ તાલુકા તથા ગ્રામ પંચાયતોને પુરસ્કાર વિતરણ

"માતૃવન"ના નિર્માણ અર્થે મુખ્યમંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- એક પેડ માઁ કે નામ" અભિયાન હેઠળ સવા સાત કરોડ વૃક્ષો વાવી ગુજરાત દેશમાં બીજા ક્રમે
- આવનારા દિવસોમાં જનજનના સહયોગથી "એક પેડ માઁ કે નામ" અભિયાનને જન આંદોલન બનાવાશે
- આગામી માર્ચ મહિના સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૭ કરોડ વૃક્ષો વવાશે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના આહવાનને અનુસરી "હર ઘર તિરંગા અભિયાન"માં નાગરિકોને જોડાવા અપીલ

મંત્રી શ્રી મૂળુભાઈ બેરા

- હર્ષદ માતાજી મંદિર સ્થળના વિકાસ માટે કેન્દ્ર સરકારે ૨૫ કરોડ તેમજ રાજ્ય સરકારે સાડા સાત કરોડ ફાળવ્યા
- પ્રોજેક્ટ લાયન અંતર્ગત રાજ્યમાં સિંહો માટે વિશ્વ કક્ષાની હોસ્પિટલ નિર્માણ કરાશે

કમલમ્ ન્યુઝ,

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકાના ગાંધવી ગામે હરસિદ્ધિ માતાના મંદિરેથી "એક પેડ માઁ કે નામ" અભિયાનની સાથે ૭૫મા વન મહોત્સવ- ૨૦૨૪નો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ દરિયા કિનારે નિર્મિત રાજ્યનાર ૨૩મા સાંસ્કૃતિક વન "હરસિદ્ધિ વન"નું લોકાર્પણ કર્યુ હતું. રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના ઉપક્રમે આજે દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકાના ગાંધવીમાં હર્ષદ માતાના મંદિરના સાનિધ્યમાં ૭૫મા વન મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા "એક પેડ માઁ કે નામ" અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે "માતૃવન"ના નિર્માણ અર્થે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું હતુ કે, "એક પેડ માઁ કે નામ" અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સવા સાત કરોડ વૃક્ષોવાવીને ગુજરાતરાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. આવનારા દિવસોમાં જન જનના સહયોગથી આ અભિયાનને જન આંદોલન બનાવવાનું છે. મુખ્યમંત્રીશ્રીએકહ્યું હતું કે, આજે વિશ્વ ગ્લોબલ વોર્મિંગનાપડકારોથીત્રસ્ત છે, ત્યારે વિઝનરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ધરતી માતાનું ગ્રીન કવચ વધારવાના હેતુ સાથે વિશ્વ પર્યાવરણ દિવસે "એક પેડ માઁ કે નામ"અભિયાનશરૂ કરાવ્યું છે, તે અંતર્ગતદેશમાં ૧૪૦કરોડ જેટલા વૃક્ષો વાવવાનો આહવાન કર્યુ છે. વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલીને ગુજરાતે ૭૫મા વન મહોત્સવ અન્વયે "એક પેડ માઁ કે નામ" અભિયાનનેવેગવાન બનાવ્યું છે.હર્ષદ ગાંધવી ખાતે નિર્માણ પામેલા ૨૩મા સાંસ્કૃતિક વન - હરસિદ્ધિ વનમાં૪૧ હજારથી વધુ રોપાઓ વાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુંહતું કે, "એક પેડ માઁકે નામ"અભિયાન અંતર્ગત આગામી માર્ચ મહિના સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૭ કરોડ વૃક્ષો વાવવાનાછે. ૭૫માવન મહોત્સવ અંતર્ગત વન વિભાગ દ્વારા લોકભાગીદારીથી સમગ્ર રાજ્યમાં પાંચ હજાર જેટલા માતૃવનનું નિર્માણ કરાશે. બાળકોમાં વૃક્ષ વાવવાના અને તેના જતનના સંસ્કાર કેળવાય એટલા માટે રાજ્યની ૫૩ હજાર આંગણવાડીઓમાં સવા ત્રણ લાખ વૃક્ષોના વાવેતરનો પ્રારંભ કરી દેવાયો છે. સદભાવના વૃદ્ધાશ્રમ સાથે મળીને દ્વારકા સોમનાથ કોસ્ટલહાઈવેની બંને બાજુએ ૪૦ હજાર જેટલા વૃક્ષો વાવવાનું આયોજન છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ હતું કે, આજે દ્વારકાના ગાંધવીમાં દરિયાકિનારે સુંદર સાંસ્કૃતિક વનનું નિર્માણ થયું છે. આટલે દૂર સુંદર વન બની શકે એવી કોઈ કલ્પના પણ ન કરી શકે ત્યારે આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ દરેક જિલ્લામાં વન મહોત્સવની ઉજવણી તેમજ સાંસ્કૃતિક નિર્માણનો આગવો વિચાર આપ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણને સાથે રાખીને સસ્ટેનેબલ ડેવલપમેન્ટની નેમ રાખીછે. "એક પેડ માઁકે નામ"અભિયાન અંતર્ગત અહીં એક માતૃવન નિર્માણ કરાઈ રહ્યું છે, ત્યારે આજે અહીં મોટી સંખ્યામાં ઉપસ્થિત આસપાસના ગામના લોકોએક એક ઝાડ વાવશે ત્યારે અહીં વિશાળ વન ઊભું થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રી એ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએવન મહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોના નિર્માણને પ્રોત્સાહન આપ્યું છે. જે અંતર્ગતઆજે ૨૩મુંસાંસ્કૃતિક વન હરસિધ્ધિ મંદિર પાસે નિર્માણ પામ્યું છે. દ્વારકાના આંગણે આ બીજું સાંસ્કૃતિક વન છે. અગાઉ દ્વારકા પાસેના જ્યોતિર્લિંગ નાગેશ્વર પાસે નાગેશ સાંસ્કૃતિક વનનુંનિર્માણ કરાયું હતું. આવનારી પેઢીનું ભાવિ સ્વસ્થ, સમૃદ્ધ અને સુખી રાખવું હોય તો પર્યાવરણ સંતુલન અને ગ્રીન ગ્રોથ સાથેનો વિકાસ એ જ માત્ર ઉપાય છે તેમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશ મુજબ આપણે સાંસ્કૃતિક વનોનેધાર્મિક આસ્થાના તીર્થસ્થળો સાથે જોડ્યા છે અને તીર્થદર્શન સાથે પ્રાકૃતિક પ્રેમને ગુજરાતે મહત્વ આપ્યું છે. સોમનાથ મહાદેવમાંહરિહર વન, દ્વારકામાંનાગેશ્વર ખાતેનાગેશ વન સાથે હવે હરસિધ્ધિ વન તથા સુદામાનગરી પોરબંદરમાં મહાત્મા ગાંધીની જન્મ સ્થળની પ્રવાસન સર્કિટ લોકોને આકર્ષશે. દેશની આઝાદીનોઅમૃતકાળચાલી રહ્યો છેત્યારે પર્યાવરણજતન અને સંવર્ધનની પૌરાણિક સંસ્કૃતિને ઉજાગર કરતો આ ૭૫મો વન મહોત્સવ અમૃત વન મહોત્સવ બનશે. ૧૫મીઓગસ્ટ આવીરહી છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાઆહવાન પ્રમાણે "હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત દરેક નાગરિકને પોતાના ઘર પર તિરંગો લહેરાવવાનું આહવાન પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યુંહતું. રાજ્યના વન અને પર્યાવરણ કેબિનેટ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ખાતે યોજાયેલારાજ્ય કક્ષાના૭૫માવન મહોત્સવ પ્રસંગે જિલ્લાને ૨૩મા સાંસ્કૃતિક વન હરસિદ્ધિવનની ભેટ મળી છે. આ સ્થળ દર્શનાર્થીઓ માટે એક ઉત્તમ પ્રવાસનસ્થળબની રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૫ કરોડ તેમજ રાજ્ય સરકારદ્વારારૂ. ૭.૫ કરોડથી વધુની રકમ હર્ષદ માતાજી મંદિર તેમજ આજુબાજુ વિકાસ માટે મંજૂર કર્યા હોવાની જાહેરાત પણ તેમણે કરી હતી. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં વૃક્ષોનું પ્રમાણ વધારવા જન ભાગીદારી તેમજ સામાજિક સંસ્થાઓના સંયુક્ત પ્રયાસ અને પ્રોત્સાહિત કરીને વન પેદાશોમાં વધારો કરવા બિન ઉત્પાદક જમીનનો ઉપયોગકરી વૃક્ષારોપણ થકી આજીવિકાની વિપુલ તકો નિર્માણ કરવા માટે સામાજિક વનીકરણ વિભાગની અનેકવિધ યોજનાઓ અમલી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં દેશના ગૌરવ સમાં એશિયાઈ સિંહોનાસંરક્ષણ માટેકેન્દ્ર સરકાર દ્વારા "પ્રોજેક્ટ લાયન" અમલમાં મુકવામાંઆવ્યો છે.રાજ્ય સરકારે સિંહોના સ્વાસ્થ્યની કાળજી રાખવા માટે વિશ્વ કક્ષાની લાયન હોસ્પિટલનું નિર્માણ કરવાનું આયોજન કર્યું છે. કચ્છના બન્ની વિસ્તારમાં ચિત્તા બ્રીડિંગ સેન્ટરની સ્થાપના કરવાનું પણ કાર્ય પ્રગતિમાં છે. ઉપરાંત ગીર વિસ્તારમાં વન્યપ્રાણી નિહાળવા માટે ગીર પૂર્વમાં જ સાધાર નજીક નવીન સફારી પાર્કની સ્થાપના તેમજ આંબરડી સફારી પાર્કમાં નવીન સુવિધાઓ બાબતે રાજ્ય સરકાર દ્વારારૂપિયા ૧૮.૫૦કરોડ મંજુર કરવામાં આવ્યા છે. આ અવસરે મંત્રીશ્રીએસૌ નાગરિકોને"એક પેડ માઁ કે નામ અભિયાન"માં જોડાઈ જનભાગીદારીથી રાજ્યને હરિયાળુ,સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાના અભિયાનમાં જોડાવા આહવાન કર્યુંહતું. આ કાર્યક્રમના પ્રારંભે વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ શ્રી સંજીવ કુમારે સ્વાગત પ્રવચન કરીને મહાનુભાવોને આવકાર્યા હતા. તેમણે જણાવ્યુંહતું કે,વન મહોત્સવ એટલે પ્રકૃતિનું સંરક્ષણ કરીને આગામી પેઢીઓને હરિત, આરોગ્યપૂર્ણ અને શક્તિશાળી ભવિષ્ય આપવા માટેની ચળવળ. વન મહોત્સવની ઉજવણી માત્ર વૃક્ષારોપણ નથી, પરંતુ કુદરત પ્રત્યેનાઆદરઅને પ્રેમનુંપ્રતિક છે. પ્રકૃતિ સંરક્ષણની ધરોહરને હજુ શક્તિશાળી બનાવવા અને વૃક્ષારોપણના કાર્યક્રમમાં વધુને વધુ લોકોને સામેલ કરી રાજ્યમાં હરિયાળી વધારવા વન વિભાગ અલગ અલગ યોજનાઓ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે,જેના ભાગરૂપેસાંસ્કૃતિક વનના નિર્માણને આગળ વધારતા અહીં ૨૩મા સાંસ્કૃતિક વન હરસિદ્ધિ વનનુંઉદ્ઘાટન કરવામાંઆવ્યું છે. તેમણે સૌને 'એક પેડ માઁ કે નામ' અભિયાનમાં જોડાઈને મોટા પાયે વૃક્ષારોપણ દ્વારાધરતીને હરિયાળી કરવા આહ્વાન કર્યુ હતું. આ કાર્યક્રમમાં વનવિભાગ દ્વારા હરસિદ્ધિ વનની સુંદરતા પ્રસ્તુત કરતી દસ્તાવેજી ફિલ્મ રજૂ કરાઈ હતી. આ અવસરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલતેમજ મહાનુભાવોના હસ્તે ૭૫મા રાજ્યકક્ષાના વન મહોત્સવ નિમિત્તે વન વિભાગ તેમજ પોસ્ટ વિભાગ દ્વારા ખાસ સિક્કો તથા વિશેષ પોસ્ટલ કવરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રકૃતિના સંવર્ધન માટે યોગદાન આપનારા સેવાભાવીઓને "વન પંડિત પુરસ્કાર"થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં અદાણી ફાઉન્ડેશનને રૂપિયા ૫૦ હજાર, શ્રી નારણભાઈ કાનજીભાઈ રાવળને રૂ.૨૫ હજારનો ચેક આપીને બિરદાવવામાંઆવ્યા હતા. ઉપરાંત મહેસાણા તથા ભરૂચ તાલુકાપંચાયત, વેલુગ્રામ પંચાયત, લક્ષ્મણભાઈ રાવલિયા, હરજીભાઈ કારેણા, લાભુભાઈ સગર, રમેશભાઈ સાંકળિયા, અરવિંદભાઈ ડેડાણીયા, સણજા ચિરાગભાઈ, સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટને સન્માન પત્ર આપવામાં આવ્યાહતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધવી ખાતે પધાર્યા બાદ સૌપ્રથમ હર્ષદ માતાજીના દર્શન કર્યા હતા અને રાજ્યના વિકાસ તથા નાગરિકોની સુખાકારીની કામના કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ૨૩મા સાંસ્કૃતિક વન - હરસિદ્ધિવન ખાતે પહોંચ્યા હતા. અહીં તકતી અનાવરણ કરીને મુખ્યમંત્રીશ્રીએ સાંસ્કૃતિક વનને લોકોનેસમર્પિત કર્યુ હતું. બાદ મુખ્યમંત્રીશ્રી તેમજ મહાનુભાવોએ વનની સુંદરતા નિહાળી હતી. ત્યારબાદ માતૃવન ખાતે "એક પેડ માઁ કે નામ" અભિયાન અંતર્ગતવૃક્ષારોપણ કર્યુ હતું. નોંધનીય છેકે, કુલમળીને પાંચ એકરમાં ફેલાયેલા અને રાજ્ય સરકાર દ્વારારૂ.૧૦ કરોડના ખર્ચે નિર્મિત હરસિદ્ધિ વનના લોકાર્પણ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાને બીજા સુંદર સાંસ્કૃતિક વનની ભેટ મળી છે. અગાઉ વર્ષ ૨૦૧૩-૧૪માં વન મહોત્સવ અંતર્ગત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દ્વારકાના નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતે નાગેશ વનનું લોકાર્પણ કર્યુંહતું. નવા સાંસ્કૃતિક વનના લોકાર્પણ સાથે દેવભૂમિ દ્વારકાનાપ્રવાસન સ્થળોમાંવધુએક આકર્ષણ ઉમેરાયું છે. આ કાર્યક્રમમાં જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતપ્રમુખ સુશ્રી રિદ્ધિબા જાડેજા, જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી મયબેન ગરચર, જિલ્લા ભાજપપ્રમુખ શ્રી મયુરભાઈ ગઢવી, પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઈ ઓડેદરા, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી યુ.ડી.સિંઘ, અગ્ર મુખ્ય વનસંરક્ષક (સા.વ.) શ્રી ડૉ. એ.પી.સિંગ, અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્યજીવ) શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ, જિલ્લા કલેક્ટર શ્રી જી.ટી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. ડી.ધાનાણી, નાયબ વન સંરક્ષક શ્રી દેવભૂમિ દ્વારકા અરુણ કુમાર, નાયબ વન સંરક્ષક શ્રી જામનગર શ્રી આર. ધનપાલ સહિતના મહાનુભાવો તેમજબહોળીજનમેદની ઉપસ્થિત રહીહતી.

મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા એ કંડલા પોર્ટની મુલાકાત લીધી

કંડલા પોર્ટના ઉત્તરોત્તર વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવતા મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા

કમલમ્ન્યુઝ, ભુજ

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા કચ્છના એક દિવસીય પ્રવાસે છે. તેઓએ ગાંધીધામ ખાતે દિનદયાળ પોર્ટ - કંડલા પોર્ટની મુલાકાત લઈને પોર્ટ કામગીરી અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

કંડલા પોર્ટ ચેરમેનશ્રી સુશિલકુમાર સિંઘે પોર્ટ ખાતે આયાત નિકાસ પ્રક્રિયા અંગે પ્રભારી મંત્રીશ્રીને અવગત કરાવ્યા હતા. આ ઉપરાંત કંડલા પોર્ટ દ્વારા ગાંધીધામ શહેરના વિકાસ માટે કરવામાં આવીરહેલા નિષ્ઠાપૂર્વકના પ્રયાસોને પ્રભારી મંત્રીશ્રીએ બિરદાવ્યા હતા.

પ્રભારીમંત્રીશ્રીએ દિનદયાળ પોર્ટ ઓથોરિટી તરફથી ગોપાલપુરી કેન્દ્રિય વિદ્યાલયને આપવામાં આવેલા સહયોગને આવકારદાયક પહેલગણાવીહતી. પ્રભારીમંત્રીશ્રીએ દિનદયાળ પોર્ટ સી.એસ.આર અંતર્ગત આયોજિત ગુરુ નાનક સ્કૂલના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટર અને લેપટોપવિતરણના કાર્યક્રમ હાજરી આપી હતી. આ પ્રસંગે અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, ગાંધીધામ ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, અગ્રણીશ્રી ધવલભાઈ આચાર્ય, અંજાર પ્રાંત અધિકારીશ્રી સુનિલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સંજય પરમાર, દિનદયાળપોર્ટના નાયબ ચેરમેનશ્રી નંદિશ શુક્લા, પોર્ટના સચિવશ્રી સી. હરિચંદ્રન, ચીફ એન્જિનિયર વી. રવિન્દ્ર રેડ્ડી, કેપ્ટનશ્રી પ્રદિપ મોહન્તી, પોર્ટ પ્રવક્તાશ્રી ઓમપ્રકાશ દદલાણી સહિત પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તિરંગા યાત્રામાં તમામ શહેરીજનો ઉમળકાભેર જોડાઈને તિરંગા પ્રત્યે પોતાની કૃતજ્ઞાતા વ્યકત કરે : ઉદય કાનગડ

જે.પી. નડ્ડા, ભૂપેન્દ્રભાઈ પટેલ, સી.આર. પાટીલ બહુમાળી ભવન સરદાર પટેલની પ્રતિમાથી તીરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવશે : શહેરીજનોને જોડાવા અપિલ કરતા ઉદય કાનગડ

દેશ અને આપણા સૈન્ય પ્રત્યે વફાદારીનો પરિચય આપી દેશની એકતા અને અખંડિતતા જાળવવા અને 'રાષ્ટ્રપ્રથમ'ની વિચારધારાનું પ્રગટીકરણ કરીએ



૭૦ હજારથી વધુ લોકો તિરંગા યાત્રામાં જોડાશેઃ શહેરીજનોના દિલોદિમાગ પર છવાશે દેશની આન,બાન અને શાનસમો તિરંગો

કમલમ્ ન્યુઝ,

ધારાસભ્ય ઉદય કાનગડની એક અખબારી યાદીમાંજણાવાયું છેકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં ૮ ઓગસ્ટથી ૧૫મીઓગસ્ટ દરમિયાન 'હરઘર તિરંગા' અભિયાન યોજાઈ રહયું છે ત્યારે આપણો રાષ્ટ્રધ્વજ આપણા માટે ઘણુ મહત્વ ધરાવે છે, તેઆપણને ગર્વનો અનુભવ કરાવે છે. ભારતનોરાષ્ટ્રધ્વજ શાંતિ, પ્રેમઅને એકતાનું પ્રતિક છે. ત્યારે દેશના પ્રત્યેક ઘરો અને સંસ્થાઓમાં ધ્વજ ફરકાવવાથી લોકો વ્યકિતગત રીતે રાષ્ટ્રધ્વજ સાથે જોડાઈ શકશે. વધુમાં ઉદય કાનગડએ જણાવેલ કે 'હર ઘર તિરંગા' એ આઝાદી કા અમૃત મહોત્સવના નેજાહેઠળનું એક અભિયાન છે. જે લોકોને તિરંગાને ઘેર લાવવા અને તેને આઝાદીના અમૃત કાળમાં તેને લહેરાવવા પ્રોત્સાહિત કરે છે. આઝાદીનાઅમૃત કાળમાં એક રાષ્ટ્ર તરીકે સામૂહિક રીતે ધ્વજને ઘરે લાવવો એ માત્ર તિરંગા સાથે અંગત જોડાણનું જ નહીપરંતુરાષ્ટ્રનિર્માણ પ્રત્યેની આપણીપ્રતિબધ્ધતાનુંમૂર્ત સ્વરૂપપણ બની જાય છે. આપહેલ પાછળનોવિચાર લોકોના હૃદયમાં દેશભકિતનીલાગણી જગાડવાનો અને ભારતીય રાષ્ટ્રધ્વજ વિશે જાગૃતી લાવવાનો છે. ભારતીય રાષ્ટ્રધ્વજ લોકોની આશા અને આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તેઆપણા રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે અને રાષ્ટ્રધ્વજપ્રત્યે સાર્વત્રિક સ્નેહ,આદર અને વફાદારી છે. તે પ્રત્યેક ભારતીયોની ભાવનાઓ અને માનસમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ત્યારે ભારતીય તીરંગો આપણા રાષ્ટ્રનું ગૌરવ છે. દેશની સાર્વભૌમત્વતાનું પ્રતિનિધિત્વકરતા તીરંગાને લહેરાતો જોવોએ દરેક ભારતીય માટે ગર્વ અનેઆનંદની ક્ષણછે. ત્યારેદેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'હર ઘર તિરંગા'નું આહવાન કર્યુ છે, તે અંતર્ગત આવતીકાલે રાજકોટ મહાનગરમાં યોજનારા તિરંગા યાત્રામાં તમામ શહેરીજનો ઉમળકાભેર જોડાઈને તિરંગા પ્રત્યે પોતાનીકૃતજ્ઞતા વ્યકત કરે. દેશ અને આપણા સૈન્ય પ્રત્યે વફાદારીનો પરિચય આપી દેશની એકતા અને અખંડિતતા જાળવવાઅને 'રાષ્ટ્રપ્રથમ'ની વિચારધારાનું પ્રગટીકરણ કરીએ. ત્યારેગુજરાતભર માંહર ઘરતિરંગા કાર્યક્રમ અંતર્ગત એક કરોડ ઘર ઉપર રાષ્ટ્રધ્વજ–તિરંગોલહેરાવવાના નિર્ધાર સાથે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળીરાજ્ય સરકારેવ્યાપક આયોજન કરેલ છે ત્યારે રાજકોટ મહાનગરમાં ૧ લાખથી વધુ ઘરો પર તિરંગો લહારાવાશે ત્યારે આવતીકાલે તા. ૧૦/૮–સવારે ૯:૦૦ કલાકે પાર્ટીનારાષ્ટ્રીય અધ્યક્ષજે.પી. નડ્ડાજી, રાજયના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રીતથાપ્રદેશભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ તેમજ રાજયના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં તીરંગા યાત્રાયોજાશે, જે બહુમાળીભવન સરદાર પટેલની પ્રતિમાથી ચૌધરી હાઈસ્કુલથી મહાત્મા ગાંધી પ્રતિમાજયુબેલી બાગ ખાતે સમાપન કરવામાંઆવશે. 'હર ઘર તિરંગા' ની યાત્રા રાષ્ટ્રધ્વજથીશરૂ કરીને વ્યકિતના ચારિત્ર્ય નિર્માણ ધ્વારા રાષ્ટ્રનિર્માણ સુધી વિસ્તરેલીછે. તોસૌશહેરીજનો આ તિરંગા યાત્રામાંજોડાઈ હૈયામાંરાષ્ટ્રધ્વજ લહેરાવી દેશના સાચા નાગરિક બની, રાષ્ટ્ર અને સમાજને માટે સમર્પિત બનીએ. ત્યારે આ તિરંગા યાત્રામાં તમામ શહેરીજનોને બહોળીસંખ્યામાં જોડાવવાધારાસભ્ય ઉદય કાનગડએજાહેર અનુરોધકર્યોહતો.

સૌ શહેરીજનો આ તિરંગા યાત્રામાં જોડાઈ હૈયામાં રાષ્ટ્રધ્વજ લહેરાવી દેશના સાચા નાગરિક બની, રાષ્ટ્ર અને સમાજને માટે સમર્પિત બનીએ

દેશના વિકાસમાં નવસારી જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનો અગ્ર હરોળમાં રહે.- મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ

આજે આદિવાસીના દિકરા દિકરીઓ ફક્ત ખેતી કે પશુપાલન સુધી સિમિત ન રહેતા તેઓની સિધ્ધિ આસમાને પહોચી છે.-મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ

આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ૧.૨૪૧૧ કરોડના ૨૮ કામોનું ખાતમુહૂર્ત અને ૧.૫૭૩૫ કરોડના ૨૫ કામોનું લોકાર્પણ કરાયું

કમલમ્ ન્યુઝ, નવસારી,

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રતિ વર્ષ ૯મી ઓગસ્ટના દિવસને "વિશ્વ આદિવાસી દિવસ" તરીકે ઉજવણી કરવામાં આવે છે. જેને અનુલક્ષીને ગુજરાતસરકાર દ્વારા ૯મી ઓગષ્ટના રોજ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણી સમગ્રરાજયમાં કરવામાંઆવે છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોટી ભમતી ગામના એગ્રીમોલખાતે રાજય કક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી મંત્રીશ્રીએ જણાવ્યુંહતું કે,દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે દરેક વનબંધુ પરિવાર સુખી,શિક્ષિત, સ્વસ્થઅને આર્થિક રીતે સધ્ધર રહે. આ ધ્યેયને અનુલક્ષીનેતેમણે આદિવાસીઓના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમા મુકી હતી. તેમના કાર્યને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે જનહિતલક્ષી નિર્ણયો કર્યા છે. આદિવાસી સમાજના ઉત્થાન કરવાનું બીડું વર્તમાન સરકારે બખુબી ઉપાડ્યુ છે ત્યારે આજે આદિવાસીના દિકરા દિકરીઓ ફક્ત ખેતી કે પશુપાલન સુધી સિમિત ન રહેતા તેઓની સિધ્ધિ આસમાને પહોચી છે. આજે આદિવાસી દિકરા દિકરીઓ પાયલેટ બન્યા છે, આદિવાસી દિકરી સરીતા ગાયકવાડે સમગ્ર દેશમાં આદિવાસી સમાજનું નામ રોશન કર્યુ છે. મંત્રીશ્રીએ વધુમાં ભગવાન બિરસા મુંડાનેપણ વંદન કરીદરેક આદિવાસીપગભર થાય તે માટે સરકારશ્રીની અનેક કલ્યાણકારી યોજનાઓ આદર્શ નિવાસી શાળા, કન્યા શાળા, કૃષિલક્ષી યોજનાઓ, ન્યુ ગુજરાત પેટર્નયોજના, બોર્ડર વિલેજ ઉત્કર્ષ યોજના, હળપતિ છ પાયાની યોજના, આદિમજુથ સર્વાંગી ઉત્કર્ષ યોજના સહિત વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી સૌને મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતે મંત્રીશ્રીએ દેશના વિકાસમાં નવસારી જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનો અગ્ર હરોળમાં રહે અને 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ, સૌના વિશ્વાસ'ના મંત્ર સાથે આપણે સૌ આગળ સાથે મળી આગળ વધીએ એવીજ શુભકામનાઓસાથે "વિશ્વ આદિવાસીદિવસ"ની શુભેચ્છાઓ પાઠવી સૌને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને "એક પેડ માઁ કે નામ" અભિયાનમાં સૌને વૃક્ષારોપણ કરીપર્યાવરણ જાળવણી પ્રત્યે જાગૃત બનવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધન થકી સૌને આદિવાસી સમાજ દ્વારા આઝાદીની જંગમાં આપવામાં આવેલ મહત્વની ભુમિકા, આદિવાસી સમાજનીસંસ્કૃતિ, કલા અને પરંપરાઓ અંગે જાણકારી આપી આદિવાસી તરીકે સૌને ગર્વ લેવા અપીલ કરી હતી. તેમણે વર્તમાન સરકારના પ્રયત્નો થકી આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારામાં લાવવાનોપ્રયાસ કર્યો છે એમ જણાવી સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી હતી. આ કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લાના અનેક વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ યોજનાઓ અંતર્ગત સહાયનું વિતરણ, સામાજિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થીઓ અને નાગરિકોને પ્રસસ્તી પત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. નવસારી જિલ્લામાં આદિજાતિ વિકાસવિભાગ અંતર્ગત ૧.૨૪૧૧ કરોડના ૨૮ કામોનું ખાતમુહૂર્ત અને ૧.૫૭૩૫ કરોડના ૨૫ કામોનું લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમની સાથે સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસનીરાજયકક્ષાની ઉજવણીનું સાબરકાંઠા જિલ્લાથી જીવંત પ્રસારણ અને આદિવાસી વિકાસ સંલગ્ન યોજનાકિય માહિતી આપતી દસ્તાવેજી ફિલ્મ સૌએ નિહાળી હતી. નવસારી અને વાંસદાના સ્થાનિક કલાકારોએ વિવિધઆદિવાસી નૃત્ય પ્રસ્તુત કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં પ્રાયોજના વહિવટદાર શ્રી વાંસદા દ્વારા સ્વાગત પ્રવચન કરી પ્રાયોજના કચેરી અંતર્ગત વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી સૌને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, જિલ્લાપોલીસ અધિક્ષક શ્રી સુશિલ અગ્રવાલ, સહિત વિવિધ ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિતરહી કાર્યક્રમને સફળબનાવ્યો હતો.

કમલમ્ ન્યુઝ,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં ૮ ઓગસ્ટથી ૧૫ મી ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે. જે અંતર્ગત રાજકોટ મહાનગર ખાતે તા. ૧૦ મી ઓગસ્ટ ના રોજ પાર્ટી ના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે. પી. નડ્ડાજી અને રાજ્ય ના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી. આર પાટીલજી ની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય તીરંગા યાત્રા નું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે તીરંગા યાત્રાના પ્રસ્થાન સ્થળ સરદાર પટેલ ની પ્રતિમા , બહુમાળી ભવન એ સ્થળ વિઝિટ કરી જરૂરી વ્યવસ્થા અને નિરીક્ષણ કરેલ હતું.

ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદ ખાતે 'હર ઘર તિરંગા' અંતર્ગત નાગરિકોને તિરંગાનું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,

'હર ઘર તિરંગા' કાર્યક્રમ અભિયાનની ઉજવણીને અનુલક્ષી અમદાવાદ સ્વસ્તિક ચાર રસ્તા ખાતે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તિરંગા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે રાહદારીઓને, બસમાં સવાર નાગરિકો, તેમજકાર ફોર-વ્હીલર પર સવાર નાગરિકોને તિરંગાનું વિતરણકરાયુંહતું.

તિરંગા વિતરણ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુંહતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદીના આહ્વાનને અનુસરીનેકાશ્મીરથી કન્યાકુમારી સુધી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ લોકોએ તિરંગામય બની છેલ્લા બે વર્ષથી 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરી છે. આ વર્ષે પણ શાળાઓ, વિવિધ વિભાગની સંસ્થાઓ તેમજ ગુજરાતના ૧૪ હજારથી વધુ ગામડાઓમાં તિરંગાયાત્રામાં જોડાવાના છે, સાથેજ ગુજરાત પોલીસ દ્વારા ગુજરાતના શહેરોમાં નગરોમાં તિરંગાનું વિતરણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૧૩મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મળીને અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રા યોજશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતનો રાષ્ટ્રધ્વજ દેશવાસીઓ માટે આન-બાન-શાન છે. આ રાષ્ટ્રધ્વજના સન્માનમાં રાજ્ય સરકાર દ્વારા તા. ૮ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી અંતર્ગતઆગામી તારીખ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન રાજ્યના તમામ ઘરો, દુકાનો, ઉદ્યોગ અને વેપારી ગૃહો, ધાર્મિક અને આઈકોનિક તથા ટૂરિસ્ટ પ્લેસ, સરકારી અનેઅર્ધસરકારી ખાનગી કચેરીઓ સહિત તમામ જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાંઆવશે. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે તેમજ તમામ ઝોનના ડીસીપી તેમજ વિવિધવિભાગના અધિકારીશ્રીઓ અને પદાધિકારીઓઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાની "તિરંગા યાત્રા" નું પ્રસ્થાન કરાવતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ, આહવા

ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે, આહવા ખાતે આયોજિત 'તિરંગા યાત્રા' નું પ્રસ્થાન કરાવ્યુ હતુ. રાષ્ટ્ર ભાવનાને બળવત્તર કરતા શ્રેણીબદ્ધ કાર્યક્રમોના સથવારે આયોજિત, ડાંગજિલ્લાની "તિરંગાયાત્રા" ની આહવાના ગાંધી ઉધાન થી શરૂઆત કરવામાંઆવી હતી. આ યાત્રાએ, નગરનામુખ્ય માર્ગો પર ફરીને લોકચેતના જગાવી હતી. તા.૮ મી ઓગષ્ટથી ૧૨ મી ઓગષ્ટ સુધી આયોજિત 'તિરંગા યાત્રા' આહવાબાદ આજે, એટલે કે તા.૧૦ મી ઓગષ્ટે જિલ્લાના સુબીર ખાતે, ૧૧ મી ઓગષ્ટે ગિરિમથક સાપુતારા ખાતે, અને તા.૧૨ મી ઓગષ્ટે વઘઇ ખાતે આયોજિત કરવામાં આવી છે. આહવા ખાતેની તિરંગા યાત્રામાં મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે, તિરંગા યાત્રા સાથે રાજ્યભરમાં આયોજિત દેશભક્તિની થીમ આધારિત ફેન્સી ડ્રેસ કોમ્પીટિશન, રંગોળી અને ચિત્ર સ્પર્ધા સહિત મેટ્રો સિટીમાં આયોજિત મેગા પરેડના કાર્યક્રમોનીજાણકારી આપી હતી. દરમિયાન રાજયભરમાં તિરંગા સેલ્ફી, તિરંગા શપથ, તિરંગા કેન્વાસ, તિરંગા ટ્રીબ્યુટ, તિરંગા મેળા, અને તિરંગા રનનું આયોજન કરાયુ છે, તેની પણ ભૂમિકા સ્પસ્ટ કરી હતી. પોલીસ બેન્ડની સુરાવલી સાથે નીકળેલી આહવાની તિરંગાયાત્રામાં મંત્રીશ્રી સહિત, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાષભાઈ ગાઈન, કલેકટર શ્રી બી.બી.ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રીરાજ સુથાર, પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા, પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલીયાસહિતના અધિકારીઓ, ભાજપાસંગઠન પ્રભારી શ્રી રાજેશ દેસાઈ, પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત સહિતના પદાધિકારીઓ, નગરજનો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ વિગેરે જોડાયા હતા.

ભારતનો રાષ્ટ્રધ્વજ દેશવાસીઓ માટેઆન-બાન-શાન છે : માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ

સમૌ ગામ ખાતે શેઠ સી.એમ.હાઇસ્કૂલ થી શહીદ સ્વાતંત્ર્ય શેનાનીઓ ના સ્મારક (પ્રાથમિક શાળા) સુધી તિરંગા પદયાત્રાનુ આયોજન

માણસા રંગાશે દેશભક્તિના રંગે, મારે આંગણે, મારો તિરંગો

કમલમ્ ન્યુઝ,

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને અનુસરીને કાશ્મીરથી કન્યાકુમારી સુધી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ લોકોએ તિરંગામય બની છેલ્લા બે વર્ષથી 'હર ઘર તિરંગા'અભિયાનની ઉજવણીકરી છે. આ વર્ષે પણ શાળાઓ, વિવિધ વિભાગની સંસ્થાઓ તેમજ ગુજરાતના ૧૪ હજારથી વધુ ગામડાઓમાં તિરંગાયાત્રામાં જોડાવાના છે. આઝાદીની ઉજવણીયાદગાર બનાવવા તેમજ બાળકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના પ્રબળ બને તે હેતુસર તા. ૦૮ થી ૧૩ઓગસ્ટ દરમિયાન "હર ઘર તિરંગા" અભિયાન અને "તિરંગા યાત્રા" અંતર્ગત સમૌ ગામ ખાતે શેઠ સી.એમ.હાઈસ્કૂલ થી શહીદ સ્વાતંત્ર્ય સેનાનીઓના સ્મારક (પ્રાથમિક શાળા) સુધી આયોજિત તિરંગા યાત્રામાં માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ ઉપસ્થિત રહી શહીદ જવાનોના સ્મારકને પુષ્પાંજલિ અર્પણ કરી સાથે જ સમૌ ગ્રંથાલયની પણ મુલાકાત લીધી. આ યાત્રાએ, નગરના મુખ્ય માર્ગો પર ફરીને લોકચેતના જગાવી હતી. આ કાર્યક્રમમાં ગામ ના સરપંચશ્રી, પં.સદસ્યશ્રીઓ, તા.પં.સદસ્યશ્રીઓ, જી.પં.સદસ્યશ્રીઓ, સરકારી આગેવાનશ્રીઓ, એપીએમસી ના સભ્યશ્રીઓ, ધાર્મિક સંસ્થા મહંત આગેવાનશ્રીઓ,સામાજિક આગેવાનશ્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રૂ. ૭૪.૯૫ કરોડના ૮ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને રૂ. ૧૦.૨૫ કરોડના ૧૨ કામોના થયા લોકાર્પણ

ડાંગ જિલ્લાને "વિશ્વ આદિવાસી દિવસ" ની ભેટ

વિવિધ યોજનાઓના ૮૨૧ લાભાર્થીઓને કુલ રૂ.૨૯૨.૬૯ લાખની સહાયનું પણ કરાયું વિતરણ

કમલમ્ ન્યુઝ, આહવા

"વિશ્વ આદિવાસી દિવસ" ની ઉજવણી કરતાંરાજ્ય સરકારે, બહુલ આદિજાતિ વસ્તી ધરાવતા ડાંગ જિલ્લાને કુલ રૂ.૭૪.૯૫ કરોડના ૮ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત, અને રૂ. ૧૦.૨૫ કરોડના ૧૨ કામોનુંલોકાર્પણ કરી, "આદિવાસી દિવસ" ની ભેટ આપી છે. આહવા ખાતે ડાંગ સ્વરાજ આશ્રમના પટાંગણમાં આયોજિત "વિશ્વ આદિવાસી દિવસ" ઉજવણી કાર્યક્રમના મંચ ઉપરથી, રાજ્યના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ડાંગવાસીઓને આ વિકાસ કાર્યોની ભેટ આપી હતી. જે આઠ કામોનું અહીંથી ખાતમુહૂર્તકરાયું છે. તેમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના (૧) જામલાપાડા-ઉગા રોડ, (૨) નાનાપાડા-ખાપરી રિવર રોડ, (૩) સાકરપાતળ-સુરગાણા રોડ, (૪) ચિખલા-બરડીપાડા (વાયા ભાગરાપાણી) રોડ, (૫) કુડકસ ચિકાર રોડ, તથા (૬) વડથલ-ભવાનદગડ (વાયા સુંદા) રોડ સહિત રાજય માર્ગ અને મકાન વિભાગના (૧) આહવા-ચિંચલી-બાબુલઘાટ રોડ, અને (૨) સાપુતારા ખાતે ન્યુ રેસ્ટ હાઉસના કામોનું ખાતમુહૂર્તકરાયું હતું. આ ઉપરાંત પંચાયત હસ્તકના (૧) માળુંગા થી શ્રીભુવન રોડ, (૨) દેવીપાડા થી હાડકાઈચોંડ રોડ, (૩) કિલાઈબારી થીભેંડમાળરોડ, (૪) ઝાવડા થી પારડી રોડ, (૫) કાલીબેલ થી ટેકપાડા રોડ, સહિત (૫) ભુજાડ થી બરડીપાડા રોડનું લોકાર્પણ પણ મંત્રીશ્રી ના હસ્તે કરાયું હતું. ગ્રામ્ય માર્ગો ઉપરાંત ડાંગ જિલ્લામાં ગારખડી-૨ ચેકડેમ, વાંવદા ચેકડેમ અને ગોળષ્ટા ચેકડેમ તથા બરડીપાડા, ઝરી-૨અને ગાઢવી-૧ ગામે તૈયાર થયેલા આંગણવાડી કેન્દ્રોનું પણ લોકાર્પણ કરાયું હતુ. આ ઉપરાંત કાર્યક્રમના ભાગરૂપે વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ પણ, મંત્રીશ્રી સહિતના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતુ. ડાંગ જિલ્લામાં આજે વન અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના ૧૮૪ લાભાર્થીઓને અધિકાર પત્રો એનાયતકરવા સાથે, બોર્ડર વિલેજ આવાસ યોજના, વ્યક્તિગત આવાસ યોજના, કુંવરબાઈનું મામેરું યોજના, બોર્ડર વિલેજના પશુપાલકો માટેની દુધાળા પશુઓનીખરીદીનીયોજના, સ્માર્ટ ફોન સહાય યોજના, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના બસ પાસની યોજના, સંત સુરદાસ યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીયકુટુંબ સહાય યોજના, પાલક માતાપિતા યોજના, ઉજ્જવલા યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના,અને માલિકીયોજના જેવી વિવિધ યોજનાઓના ૮૨૧ લાભાર્થીઓને કુલ રૂ.૨૯૨.૬૯ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. ડાંગ જિલ્લામાં ઉજવાયેલા 'વિશ્વ આદિવાસી દિવસ' ના કાર્યક્રમ દરમિયાન, આદિજાતિ સમાજના પાંચ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું મુખ્ય સ્ટેજ ઉપરથીસન્માન કરવાસાથે, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા અગિયાર જેટલા રમતવીરો, આદિવાસી વિસ્તારમાં રહીને આદિજાતિ પરિવારના આરોગ્યનું જતન સંવર્ધન કરતા, શ્રેષ્ઠ કામગીરી કરનારા આરોગ્ય કર્મચારી, અને શ્રેષ્ઠ દૂધ મંડળીનું સંચાલન કરતા સંચાલકનું પણ સન્માન કરાયું હતુ.

ધરમપુરમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલની અધ્યક્ષતામાં વિશ્વ આદિવાસી દિવસની શાનદાર ઉજવણી

મુઘલો હોય કે અંગ્રેજો હોય આઝાદીની લડતમાં આદિવાસી સમાજનું યોગદાન અમૂલ્ય રહ્યું છેઃ સાંસદશ્રી ધવલભાઈ પટેલ

રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ.એક લાખ કરોડની જોગવાઈ કરીઃ ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ

કમલમ્ન્યુઝ, વલસાડ

વલસાડજિલ્લાના ધરમપુર તાલુકાનાબામટી ગામેલાલ ડુંગરી મેદાન પર વિશાળ આદિવાસી સમાજની જનમેદની વચ્ચે તા. ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની શાનદાર ઉજવણી વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈપટેલ અને લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલની ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસભેર કરવામાંઆવી હતી. આ પ્રસંગે રૂ.૮ કરોડ ૩૨ લાખના ૨૯૪વિકાસ કામોનું લોકાર્પણ અને રૂ. ૨૭ કરોડ ૨૫ લાખના ૧૭૬ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત ઈ-તકતી દ્વારા કરવામાં આવ્યુ હતું. આ વિકાસ કાર્યોને તાળીઓના ગડગડાટ સાથે આદિવાસી બાંધવોએ વધાવી લીધા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ પદેથી વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, આદિવાસી સમાજને અંદરોઅંદર તોડવાનું કામ કેટલાક તત્વો દ્વારાચાલી રહ્યું હતું પરંતુ તેઓ ફાવ્યા નહી અને આજે પણ આદિવાસી સમાજની એકતાઅને અખંડિતતા અકબંધ છે જેનો ગર્વ છે. આદિવાસી સમાજની હિન્દુ ધર્મ પ્રત્યેની આસ્થા બદલ પ્રમુખશ્રીએ આભાર વ્યક્ત કરી આદિવાસી સમાજની એકતા અને અખંડિતતાને બિરદાવી હતી. કાર્યક્રમના અતિથિ વિશેષ પદેથી લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલે સમસ્ત આદિવાસી સમાજને "જય જોહાર, જય આદિવાસી"ના નારા સાથે સંબોધન કરી જણાવ્યું કે, આજના દિવસે આજે સમગ્ર વિશ્વ આદિવાસીઓની એકતાને જોઈ રહ્યું છે. મુઘલો હોય કે અંગ્રેજો હોય આઝાદીની લડતમાં આદિવાસી સમાજનું અમૂલ્ય યોગદાનરહ્યું છે. વર્ષ ૧૯૯૮ પહેલા આદિવાસી મંત્રાલય ન હતું પરંતુ પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી વાજપેયીએ આદિવાસી મંત્રાલયનું ગઠન કર્યું હતું. આદિવાસી સમાજની૮૦ ટકાવસ્તી ગામડામાં રહે છે જેઓ માટે શિક્ષણ, આરોગ્ય, આવાસ, રસ્તા, પીવાનું પાણી, સિંચાઈનું પાણીઅને વીજળી સહિતની પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવી આદિવાસીસમાજનું જીવન ધોરણ ઉપર લાવીસમાજના મુખ્ય પ્રવાહમાં જોડ્યા છે. આ સિવાય આદિવાસી મ્યુઝિયમઅને ટ્રાયબલ યુનિવર્સિટની સ્થાપના કરવામાં આવી છે. વિકાસ કાર્યો પર ભાર મુકતા સાંસદશ્રીએ જણાવ્યું કે, આજે અહીં રૂ. ૮ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને રૂ. ૨૭ કરોડના કામોનું ઈ- ખાતમુહૂર્ત કરાયું છે જેથી વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે. "વિકસિત ભારત, વિકસિત ગુજરાત"ની જેમ "વિકસિત વલસાડ અને વિકસિત ધરમપુર"ની નેમ સાર્થક થશે. વધુમાં તેમણે ખાતરી આપી કે, વિકાસ કાર્યોમાં જળ, જંગલ, જમીન અને પ્રકૃતિને નુકશાન ન થાય તે રીતે વિકાસ કરીશું. આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજના વિકાસ માટે કરાયેલી કામગીરી વિશે જણાવ્યું કે, વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત રાજ્યના આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે TSP બજેટમાં કુલ રૂ.૨૨,૦૨૫ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસીસમુદાયના લોકોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે ચાલતી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુસૂચિત જનજાતિ કલ્યાણની યોજનાઓ માટે કુલ રૂ.૪,૩૭૪ કરોડ જેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે. ભૂતકાળમાં આદિવાસીઓના વિકાસ માટે રૂ. ૪૦૦ થી ૫૦૦ કરોડ બજેટમાં ફાળવાતા હતા પરંતુ હાલમાં જ આપણા પારડીના ધારાસભ્યશ્રી અને રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ.એક લાખ કરોડનીજોગવાઈ કરી છે. હાલ ધરમપુરમાં જ રૂ. ૧૫ કરોડના વિકાસ કાર્યોની કામગીરી ચાલી રહી છે. આ પ્રસંગે "એક વૃક્ષ મા કે નામ" અભિયાન અંતર્ગત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયુ હતું. આદિવાસી વાજિંતોના તાલે બિરસામુંડા અને આદિવાસી દેવી દેવતાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. ધરમપુરની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલના વિદ્યાર્થીઓએ આદિવાસી પરંપરાગતની ઓળખસમાન ડાંગી નૃત્ય અને કપરાડાની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓએ આદિવાસીતારપા નૃત્ય રજૂ કરતા સૌ મંત્રમુગ્ધ બન્યા હતા. આદિજાતિ વિકાસની યોજના અંગેની દસ્તાવેજી ફિલ્મ અને ખેડબ્રહ્મામાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંતપ્રસારણ સૌએ નિહાળ્યું હતું. વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ, કલાકારોઅને રમતવીરોમળી કુલ ૨૪ નું સન્માન કરવામાં આવ્યું હતું. સરકારની વિવિધ યોજનાના ૨૨ લાભાર્થીઓને સહાય તેમજ ચેક્નું વિતરણ મહાનુભાવોના હસ્તે કરાયુંહતું. આપ્રસંગે ગાંધીનગરથી આદિજાતિ વિભાગના ઉપસચિવ પી.એન.પટેલ, ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ પિયુષભાઈ માહલા, વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ મીનાબેન ઠાકોર, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ બ્રિજનાબેન પટેલ, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ લીલાબેન, જિલ્લાસંગઠન પ્રમુખ હેમંત કંસારા સહિત જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા. સ્વાગત પ્રવચન વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે કર્યું હતું. જ્યારે આભારવિધિ ધરમપુરના પ્રાંત અધિકારી અમિત ચૌધરીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરણાઈ સરકારી માધ્યમિક શાળાના ઈન્ચાર્જ આચાર્ય તારેશ સોનીએ કરી હતી.

રાજપીપલા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં સહભાગી થતા શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે આદિવાસી સમુદાયની ભૂમિકા મહત્વની – મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા

શિક્ષણ, ખેલકૂદ, ખેતી-પશુપાલન સહિત વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારને મહાનુભાવો દ્વારા પ્રમાણપત્ર તથા યોજનાકીય લાભ આપી સન્માનિત કરાયા

કમલમ્ન્યુઝ, રાજપીપલા

પર્યાવરણ, પ્રકૃતિ અને સંસ્કૃતિના સંવાહક એવા આદિવાસી સમુદાયના સન્માનમાં રાજપીપલાની શ્રીઅંબુભાઈ પુરાણી હાઈસ્કુલના પટાંગણ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે પ્રેરક ઉપસ્થિતિ નોંધાવતા શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું કે, ગુજરાતનાતત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્થિક, સામાજિક, શૈક્ષણિક ઉત્કર્ષ સાધીને આદિવાસી સમાજની જીવનશૈલી માંબદલાવ લાવવાનું પરિણામલક્ષી કાર્ય કર્યુ છે. મંત્રીશ્રી પાનસેરિયાએ ઉમેર્યું કે, પ્રકૃતિના સંરક્ષક આદિવાસી સમાજની અનોખી કલા-કૃતિ, સંસ્કૃતિ અને ભવ્ય પરંપરાની જાળવણીસાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે આદિવાસી બાંધવોને અનેકવિધ યોજનાઓના લાભથી લાભાન્વિત કરીને સમાજની મુખ્યધારા સાથે જોડ્યા છે. આજે આદિવાસી સમાજની દીકરા-દીકરીઓ શિક્ષણની સાથે ખેલકૂદ ક્ષેત્રે પણ પોતાની પ્રતિભાનો પરચમ લહેરાવી રહ્યાં છે. સરકારે ખેતી-પશુપાલન, શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ અને રોજગારની સાથે મહિલા સશક્તિકરણ પર પણ વિશેષ ભાર મુક્યોછે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ ના વિકસિત ભારતની કલ્પનાને સાચા અર્થમાં સાકાર કરવા માટે આદિવાસી સમાજની ભૂમિકા મહત્વની ગણાવીહતી. આપ્રસંગે ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે પણ ઈતિહાસના સૂવર્ણપાનામાં અંકિત વીર આદિવાસી લડવૈયાઓની દેશની આઝાદીમાં મહત્વની ભૂમિકાની ઝાંખી પ્રસ્તૂતકરી હતી. ઉપરાંત પ્રકૃતિને પુજતા આદિવાસી સમાજ સન્માનભેર જીવન જીવે તે માટે સરકાર દ્વારા આપવામાં આવતી શિક્ષણ, છાત્રાલય સહિતની અનેકવિધ યોજનાઓ, મુશ્કેલ સમયમાં આયુષ્માન કાર્ડ જેવી મહત્વપૂર્ણ યોજના, રોડ, વીજળી, પાણી, રોજગાર સહિતના તમામ બિંદુઓને મધ્યસ્થમાં રાખીને સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરી વિશે લોકોને માહિતગાર કરીને સરકારની તમામ યોજનાઓની માહિતી અને લાભ લેવાઅનુરોધ કર્યોહતો. આ તકે નર્મદા જિલ્લામાં શિક્ષણ, ખેલકૂદ, ખેતી-પશુપાલન સહિત વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ દેખાવ કરવા બદલ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર તેમજ યોજનાકીય સહાય આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એક પેડ મા કે નામ થીમ હેઠળ મહાનુભાવોને ઈકોફ્રેન્ડલી કુંડા આપીને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ મહાનુભાવોએ પણ વૃક્ષારોપણ કરીને પર્યાવરણની જાળવણી માટે સૌને પ્રેરક સંદેશો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રમા ખાતેથી મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાની વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમુદાયના સર્વાંગી ઉત્કર્ષ માટે સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરી, યોજનાઓની માહિતી, ઉપલબ્ધિઓની ઝાંખી શોર્ટ ફિલ્મના માધ્યમથી પ્રસ્તૂત કરવામાં આવી હતી. અને મુખ્યમંત્રીશ્રીનો પ્રેરક સંદેશો ઉપસ્થિત સૌએ નજરે નિહાળ્યો હતો. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લાના અગ્રણી શ્રી વિક્રમભાઈતડવી, પૂર્વ મંત્રીશ્રી હર્ષદ વસાવા, રાજપીપલા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, ગાંધીનગરના આદિજાતિ વિકાસના સંયુક્ત કમિશ્નર શ્રીમતી પી.એ. નિનામા, કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, પ્રાયોજના વહીવટદાર શ્રી હનુલ ચૌધરી, મદદનીશ કલેક્ટર સુશ્રી મુસ્કાન ડાગર, રાજપીપલા નાંદોદના પંચાયત પ્રમુખ શ્રીમતી વનિતાબેન વસાવાસહિત જિલ્લા-તાલુકાના અગ્રણીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિતિ નોંધાવી હતી.

આદિજાતિ સમાજ સર્વાંગીણ અને નક્કર વિકાસ તરફ આગળ વધે તે દિશામાં ગુજરાતે સમગ્ર દેશમાં નેતૃત્વ લીધું છેઃ નાણામંત્રી કનુભાઈ દેસાઈ

ઉમરપાડા ખાતે નાણા મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉમળકાભેર ઉજવણી



ઉમરપાડા તાલુકાના લોકોને ઉકાઇ ડેમમાંથી સિંચાઈનું પાણી આપવાના પ્રોજેક્ટનું ૮૦ ટકા કાર્ય પૂર્ણ થઇ ચૂક્યું છેઃ ધારાસભ્ય ગણપતસિંહ વસાવા

પરંપરાગત વાદ્ય, રંગારંગ સાંસ્કૃતિક નૃત્યો સાથે વિશાળ રેલી યોજાઈ

જનકલ્યાણની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાયના ચેકોનું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,

રાજ્યનાઆદિજાતિવિકાસ વિભાગ દ્વારા તા.૯મી ઓગસ્ટ- 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી સુરતજિલ્લાના ઉમરપાડા તાલુકા મથકે નાણા અને ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી તથા ધારાસભ્યશ્રી ગણપતભાઈ વસાવાએ દેવમોગરા માતાનું પૂજન -અર્ચન કરીને કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે નાણામંત્રીએ યુનો દ્વારા ઘોષિત 'વિશ્વ આદિવાસી દિવસ'ની સૌને શુભકામનાઓ આપતા જણાવ્યું હતું કે, આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય, તેમની ભાતીગળસંસ્કૃતિઅને પરંપરાગત વિરાસતનીપ્રતીતિ નવીપેઢીને થાય તે માટેરાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. સુરત જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં સુખ-સુવિધા સાથે શિક્ષણ,આરોગ્ય અનેરહેઠાણ માટે પાકા આવાસ સહિતની વિકાસલક્ષી અનેક યોજનાઓ રાજ્ય સરકારે અમલી બનાવી છે એમ જણાવતાં ઊર્જા મંત્રીએ કહ્યું હતું કે, આદિવાસીસમાજ પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરતો સમાજ છે. બદલાયેલા સમય સાથે પોતાની ઓળખ અને સંસ્કૃતિને જાળવી રાખવાનોઅનુરોધતેમણે કર્યોહતો. આદિવાસી સમાજના દિકરા-દીકરીઓ રાજ્ય સરકારની શિષ્યવૃતિ, મેડિકલ અભ્યાસ સહાય, વિદેશઅભ્યાસ, પાયલોટ જેવી વિવિધ યોજનાઓનો લાભ મેળવી ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે તેમણે વધુમાં કહ્યું કે, રાજ્યનો આદિજાતિ સમાજ સર્વાંગીણ અને નક્કર વિકાસ તરફ આગળ વધે તે દિશામાં ગુજરાતે સમગ્ર દેશમાં નેતૃત્વ લીધું છે. આદિજાતિ સમાજના આર્થિક વિકાસ, આરોગ્ય, આવાસ, પીવાનું પાણી, રસ્તા અને વીજળી જેવી આંતરમાળખાકીય સુવિધાઓ અને સેવાઓ સુદૃઢ આયોજન વડે પહોંચાડવામાં આવી રહી છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, બદલાયેલા સમય સાથે પોતાની ઓળખઅને સંસ્કૃતિનું જતન કરીને આદિજાતિ સમાજ અન્ય સમાજની બરોબરી કરતો થયોછે. આદિવાસી સમાજની નવી પેઢી શિક્ષણ અને સંસ્કારો સાથેઉચ્ચ સ્થાનપ્રાપ્ત કરી રહ્યો છે. આદિ અનાદી કાળથી વસવાટ કરતા આદિવાસી મૂળ નિવાસી છે, જેના વિકાસ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુકલ્યાણ યોજનાઅમલમાં મુકીને કરોડોના વિકાસ કાર્યો કર્યા હતા. નર્મદામાં રૂ.૩૫૦ કરોડના ખર્ચે બિરસા મુંડા યુનિ.નું નિર્માણ તથા કેવડીયા ખાતે ૧૦૦ કરોડના ખર્ચે મ્યુઝિયમનું કાર્ય થઈરહ્યું છે. ઉમરપાડા તાલુકામાં ઉકાઈનું સિંચાઈનું પાણી મળી રહે તે માટે ૭૫૦ કરોડના ખર્ચના પ્રોજેક્ટનું કાર્ય થઈરહ્યુંછે, જેનું ૮૦ટકા કાર્ય પૂર્ણથઈ ચુકયુંછે. આપ્રોજેકટ પૂર્ણ થયા બાદ ઉમરપાડાના લોકોને પાણીની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આદિવાસી સમાજનો દિવ્ય અને ભવ્ય ઈતિહાસ રહેલો છે. આઝાદીની લડતમાં અનેક આદિવાસીઓએ પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે. આ તકે તેમણે આદિવાસી સપૂત બિરસા મુંડા, માનગઢના મહાનાયકશ્રી ગુરૂ ગોવિંદ એવા અનેક નવલોહિયા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનોને યાદ કર્યા હતા. આ અવસરે મંત્રી તથા ધારાસભ્ય અન્ય મહાનુભાવોના હસ્તે ઉમરપાડા તાલુકાનાઆદિજાતિ લાભાર્થીઓને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વિવિધ યોજનાઓ હેઠળસાધન સહાયના ચેકો, રમતવીરો તથા ખેતીવાડીના લાભાર્થીઓનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈપટેલના અધ્યક્ષસ્થાને સાબરકાઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના નવી મેત્રાલ ખાતે આયોજિત વિશ્વ આદિવાસી દિવસના રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત નિદર્શન ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું પરંપરાગત વાદ્ય, રંગારંગ સાંસ્કૃતિક નૃત્યો સાથે મેઈનબજારથી વનરાજ સ્કુલ સુધી વિશાળ રેલી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિતેશ જોયસર, માંડવી પ્રાંત અધિકારી કૌશિક જાદવ, ઈશ્રી પઠાણ, ઉમરપાડા તા. પં.પ્રમુખ રમેશભાઈ વસાવા, માંગરોળ તા.પં.ના પ્રમુખ મનહરભાઈ વસાવા, તરસાડી નગરપાલિકા પ્રમુખ કપિલાબેન પરમાર, ઉમરપાડા સરપંચ પ્રકાશભાઈ વસાવા સહિત વિદ્યાર્થીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

અરવલ્લી જિલ્લામાં માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અદયક્ષસ્થાને વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામા આવી

અરવલ્લી જિલ્લામાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં ખૂબજ ઉત્સાહપૂર્વક આદિવાસી દિવસની ઉજવણી

આદિજાતિ પરિવારોને અનેક કલ્યાણ લક્ષી યોજનાઓથી માળખાકીય સુવિધાઓ પૂરી પાડી તેઓના વિકાસ માટે સરકાર મક્કમ : મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત

કમલમ્ ન્યુઝ,

આદિવાસીઓના ગૌરવ અને રક્ષણ માટે પ્રતિબધ્ધતા આવે તથા જળ, જંગલ, જમીન અને પૃથ્વી ઉપરનાં માનવ, જીવનસૃષ્ટિ, પશુ-પંખી અને પ્રકૃતિનાં સંરક્ષણ માટે વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરાય છે.ગુજરાતમાં આદિવાસી સમાજને પ્રોત્સાહિત કરવા માટે ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસને ગુજરાતમાં ધામધૂમથી હરખભેર ઉજવણીકરવામાંઆવી છે.શામળાજીના મેળે શામળાજીના મેળે રણજણિયું રે પેજણિયું વાગેપ.ગીતના નૃત્ય સાથે ઉત્સાહથી આદીવાસી દિવસની ઉજવણીના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.મંચસ્થ સન્માનનીય વહિવટી તંત્રના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓએ આદિવાસીઓની ઓળખએવુંમાથે ફાળિયું બાંધીને આદિવાસીઓના સન્માનને વધાવ્યું હતું. વિશ્વ આદિવાસી દિવસ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં ખૂબજ ઉત્સાહપૂર્વક આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ સંબોધન કરતાજણાવ્યું કે, "વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી માં ભાગીદારી થવા માટે આજે અરવલ્લીતમામ આદિવાસી ભાઈ બહેનોને આજના દિવસની શુભકામનાઓ આપું છું. આજના સમયમાં આદિજાતિ વિકાસની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને માળખાકીય સુવિધાઓ દ્વારા આદિજાતી વિસ્તારનો સર્વાંગી વિકાસથાય તેવોરાજ્ય સરકારનો ધ્યેય રહેલો છે. આજે આદિવાસીઓના સામાજિક સશક્તિકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી સતત કાર્યરત છે. આદિજાતિ પરિવારોને અનેક કલ્યાણ લક્ષી યોજનાઓથી માળખાકીય સુવિધાઓ પૂરી પાડી તેઓના વિકાસ માટે સરકાર મક્કમ પણે આગળ વધીરહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતસરકાર આદિવાસી વિસ્તારોમાંયુનિવર્સિટીઓ મેડિકલ કોલેજો જમીનના હક આપી તેમનું સામાજિક શૈક્ષણિક અને આર્થિક સ્થાન કરવામાટે અનેક ક્રાંતિકારી નિર્ણયો લઈ રહી છે. આજના દિવસે મને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે ગુજરાત સરકારમાં મોટા પદ ઉપર સેવા આપતા અધિકારીઓ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની દેન છે. આવનારા સમયમાં અરવલ્લી જિલ્લો સરકારની તમામ યોજનાઓ લાભો સાથે વિકાસના પંથે આગળ વધે તેવી શુભેચ્છાઓ આપું છું." માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમા સાબરકાંઠાખાતે વિશ્વ આદિવાસીદિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી જ્યાંથી વર્ચ્યુઅલ સંબોધનને કરવામા આવ્યું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રીપ્રશસ્તિ પારીક, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેન ડામોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેશકેડિયા, સંયુકત કમિશનરશ્રી આદિજાતિ, ધારાસભ્યશ્રી પી.સી. બરંડા, વનરક્ષાકશ્રી, ડીઆરડીએ ડાયરેકટરશ્રી, અન્ય અધિકારીશ્રીઓ અને પદાધિકારિશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં આદિવાસી ભાઈઓ બહેનોઅને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.અરવલ્લી જિલ્લાના લાભાર્થીઓને મંત્રીશ્રીનાહસ્તે કીટ અને સિદ્ધિ હાંસલ કરનારને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028